# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: નફીલ ઠક્કર

## કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

**તારીખ :૨૧-૦૭-૨૦૨૪ સમય: સવારે: ૬:૫૦**

## સંસદ બજેટ સત્ર

સરકારે સંસદના બજેટ સત્ર પૂર્વે આજે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. બેઠક દરમિયાન સરકાર સંસદના બંને ગૃહોનું કામકાજ સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષો પાસેથી સહકાર માંગશે.

બજેટ સત્ર આવતીકાલે શરૂ થશે અને 12 ઓગસ્ટ સુધી ચાલશે. 23મી જુલાઈના રોજ કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવશે. નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું આ પહેલું બજેટ હશે. ગયા મહિને સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ બજેટ સરકારની દૂરોગામી નીતિઓ અને ભવિષ્યનાં અભિગમનો અસરકારક દસ્તાવેજ હશે.

NSD / નફીલ ઠક્કર

---

## મન કી બાત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમની આગામી આવૃત્તિ માટે મળેલા સૂચનો પર ખુશી વ્યક્ત કરી છે. આ કાર્યક્રમ આ મહિનાનીમી 28 .તારીખે પ્રસારિત થવાનો છેશ્રી મોદીએ જણાવ્યું હતું કે, તેમને આગામી મન કી બાત કાર્યક્રમ માટે અસંખ્ય સૂચનો મળી રહ્યા છે.શ્રી મોદીએ કહ્યું કે, તેઓ ઘણા યુવાનોને ખાસ કરીને સમાજમાં પરિવર્તન લાવવાના હેતુથી કરાયેલા સામૂહિક પ્રયાસોને ઉજાગર કરતા જોઈને ખુશ છે.પ્રધાનમંત્રીએ લોકોને MyGov, NaMo એપ પર પ્રતિભાવો શેર કરવાનું ચાલુ રાખવા પર તેમનો સંદેશ રેકોર્ડ કરવા વિનંતી કરી છે.

NSD / નફીલ ઠક્કર

---

# દેવભૂમિ દ્વારકા-વન મહોત્સવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આગામી 26 જુલાઈએ દેવભૂમિદ્વારકા જિલ્લાના ગાંધવી ગામમાં રાજ્યકક્ષાના 75મા વન મહોત્સવની ઉજવણી કરાશે. ગામના પૌરાણિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા હરસિદ્ધિ માતા મંદિર ખાતે આ ઉજવણીનું આયોજન કરાયું છે. પર્યાવરણના જતનની નેમ સાથે ગુજરાતમાં ‘વન મહોત્સવના’ આ વર્ષે ૭૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે અને વન-પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરા અને વન-પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે 23મા સાંસ્કૃતિક વન ‘હરસિદ્ધિ વન’નું લોકાર્પણ કરાશે. કોયલા ડુંગરની પાછળ આવેલા આ નવીન ‘હરસિદ્ધિ વન’ ખાતે વિવિધ પ્રજાતિના અંદાજિત 41 હજાર 619 રોપાઓનું વાવેતર કરાયું છે.

આ સાથે રાજ્યમંત્રી મંડળના સભ્યોની ઉપસ્થિતિમાં વિવિધ 33 જિલ્લા કક્ષાએ, આઠ મહાનગરપાલિકાકક્ષાએ, 250 તાલુકાકક્ષાએ તેમ જ 5 હજાર 500 ગ્રામીણકક્ષાએ ‘75મો વન મહોત્સવ’ યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં વિવિધ 22 સાંસ્કૃતિક વન નિર્માણ પામ્યા છે.

RNU અમદાવાદ

---

# GPSC-મુખ્ય પરીક્ષા

ગુજરાત જાહેર સેવા આયોગ – GPSCએ અખબારી યાદીમાં જણાવ્યું કે, નાયબ મામલતદાર અને નાયબ સેક્શન અધિકારીની મુખ્ય પરીક્ષા આગામી 28થી 31 ઑગસ્ટ દરમિયાન યોજાશે.

નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર વર્ગ -3માં મુખ્ય લેખિત પરીક્ષા માટે સફળ થયેલા ઉમેદવારો આગામી 28 ઑગસ્ટે ગુજરાતી ભાષા, 29 ઑગસ્ટે અંગ્રેજી ભાષા, 30 ઑગસ્ટે સામાન્ય અભ્યાસ એક અને 31 ઑગસ્ટે સામાન્ય અભ્યાસ 2 પ્રશ્નપત્રની લેખિત પરીક્ષા આપી શકશે. આ તમામ પરીક્ષાનો સમયગાળો બપોરે 3થી સાંજે 6 વાગ્યા સુધીનો રહેશે.

NSD / નફીલ ઠક્કર

---

## ગુરૂપૂર્ણિમા

આજે અષાઢ સુદ પૂનમ એટલે કે ગુરૂપૂર્ણિમાના પવિત્ર પર્વની જિલ્લામાં ઠેર ઠેર ઉજવણી કરવામાં આવશે .

આજે વિવિધ સંસ્થાઓ મંદિરો,આશ્રમો અને ગુરુદ્વારા માં ગુરુવંદના,પાદુકા પૂજન સહિત અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે .

નફુલ ઠક્કર

---

## રાજ્ય – જળાશય સંગ્રહશક્તિ

રાજ્યમાં વરસી રહેલા વરસાદના કારણે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં જળસંગ્રહ આ .ટકાને પાર પહોંચ્યો છે 55 ઉપરાંત રાજ્યના કુલ 37 જળાશયમાં કુલ સંગ્રહશક્તિના 206.ટકા જેટલો 87 .જળસંગ્રહ નોંધાયો છે તેમ જળસંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે

રાજ્યના.ટકા ભરાતા હાઈ અલર્ટ અપાયું છે 100 જળાશય 16 જેમાં કચ્છના મુન્દ્રા તાલુકાના મધ્યમ સિંચાઈનો કારાધોધા ડેમનો સમાવેશ થાય છે.દરમ્યાન કચ્છ સિંચાઈ વર્તુળના અહેવાલ મુજબ જીલ્લાના માધ્યમ સિંચાઈ ના ૨૦ જળાશય પૈકી ૪ જળાશયોમાં ૪૦ ટકાથી વધુ પાણીનું સ્તર પહોચ્યું .

નફુલ ઠક્કર

---

## ભારતીય ટપાલ વિભાગ

ભારતીય ટપાલ વિભાગે લોકોને પોતાના પ્રિયજનોને સમય પર રાખડી મોકલવા 31 જુલાઈ સુધીમાં રાખડી મોકલવાની સલાહ આપી છે.પોસ્ટ વિભાગે આંતરરાષ્ટ્રીય પોસ્ટની જટિલતાઓને પાર પાડવા તેમજ વિલંબ અને જકાત સંબંધી મર્યાદાઓને ધ્યાનમાં લઇને આ સલાહ આપી છે.વધુમાં વિભાગે પેકેટને યોગ્ય રીતે બંધ કરવા, તેમજ ચોક્કસ કોડ સાથે સાચું સરનામું લખવા ઉપરાંત મોબાઇલ નંબર લખવાની સલાહ આપી છે.સાથે જ પોસ્ટમાં જ્વલનશીલ, તરલ કે બગડી જાય તેવા પદાર્થો નહીં મોકલવાની સૂચના આપી છે.

RNU અમદાવાદ

---

# HTAT બદલી નિયમો

રાજ્ય સરકારે હેડ ટીચર એપ્ટિટ્યૂડ ટેસ્ટ – એટલે કે, HTAT મુખ્ય શિક્ષકોની બદલીના નિયમો જાહેર કર્યા છે. આ નિયમો મુજબ, બાલવાટિકાથી ધોરણ 5માં 150 કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા હોય ત્યારે એક મુખ્ય શિક્ષક, જ્યારે ધોરણ 6થી 8માં 100 કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા હોય ત્યારે એક મુખ્ય શિક્ષક મળવાપાત્ર થશે.

જિલ્લા આંતરિક બદલીની માગણી હોય ત્યારે મુખ્ય શિક્ષકની હાલની શાળઆમાં ઓછામાં ઓછી ત્રણ વર્ષની નોકરી પૂર્ણ થયેલ હોવી જોઈશે. જ્યારે જિલ્લા ફેર બદલીની માગણી હોય ત્યારે મુખ્ય શિક્ષકની હાલના જિલ્લામાં ઓછામાં ઓછી પાંચ વર્ષની નોકરી પૂર્ણ થયેલી હોવી જોઈશે.

દર વર્ષે શિક્ષકોની સાથે મુખ્ય શિક્ષકોનું મહેકમ શિક્ષણ વિભાગ નક્કી કરશે. જેતે શાળામાં મહેકમ જળવાતું ન હોય તેમને પ્રથમ પગારકેન્દ્રની મંજૂરી મહેકમવાળી શાળાઓમાં ખાલી જગ્યા પર તે પછી તાલુકાની મંજૂર મહેકમવાળી શાળાઓમાં ખાલી જગ્યાઓ પર અને ત્યારબાદ જિલ્લાની મંજૂર મહેકમવાળી શાળાઓમાં ખાલી જગ્યા પર સમાવવામાં આવશે.

આ ઉપરાતં બઢતી કે સીધી ભરતીથી નિમણૂક પામેલા કોઈ પણ મુખ્ય શિક્ષકની સામે અરસપરસ બદલી કરી શકાશે. તેમ જ આંતરિક કે જિલ્લા ફેર અરસપરસ બદલીમાં મુખ્ય શિક્ષકની મહત્તમ ઉંમર ક્રમશઃ 56 વર્ષ અને 55 વર્ષથી વધુ ન હોવી જોઈએ.

RNU અમદાવાદ